ૐ

સોની કામનો હુન્નર

સંશોધન કરી લખનાર,

જોશી ગોવિંદરામ હીરાભાઈ

નિ. સીપોર. પ્રાં. કડી.

હાલ મણીપુરં—કડી.

પ્રકાશક.

ભીખાભાઈ છોટાલાલ ચોધરી.

જમાલપુર—અમદાવાદ.

સંવત ૧૯૭૨. પ્રત ૧૦૦૦. આ. ૧ લી. સને ૧૯૧૬

અમદાવાદઃ—ખેમાસાને ચકલે ધી 'નટવર' પ્રીન્ટીંગ
પ્રેસમાં ભોગીલાલ નારણદાસ ઓડીવાળાએ છાપ્યું.

કીમત ૦-૪-૦

નિવેદન

આજે આ 'સોની કામનો હુન્નર' નામનું પુસ્તક વાંચકના કર-કમળમાં મુકતાં અત્યાનંદ થાય છે. આપુસ્તક અમારા સમજવા-માનવા પ્રમાણે દરેક મનુષ્યને ઉપયોગી છે. આ પુસ્તકમાં સોની સાથેના દરેક અનુભવો બતાવ્યા છે. આવું ઉત્તમ .પુસ્તક તૈયાર કરવા માટે રા. ગોવિંદરામ હીરાભાઈ જોસીનો ઉપકાર માનવો જોઇએ. તેઓ-શ્રીએ આ પુસ્તક ત્રણ વાર લખ્યું હતું ત્યારે સારા પાયા ઉપર તૈયાર થયું છે. જો પ્રજા તરફથી આ પુસ્તકને સારો આવકાર મળશે તો તેનો બીજો ભાગ તુર્તમાં બહાર પાડવા બનતું કરીશું.

આ પુસ્તકના પ્રુફ લેખકેજ જોયા છે છતાં કેટલીક લેખન શૈલી તથા પ્રુફ દોષ આ લખનારને આ લખતી વખત જણાયાં છે તો બીજી આવૃતિ વખતે સુધારી લઇશું ને તે બદલ ક્ષમા ઇચ્છું છું. આથી વધુ માહીતી કોઈ પણ ગૃહસ્થ તરફથી પુરી પાડવામાં આવશે તો સહર્ષ સ્વીકારીશું. લેખકનો શ્લોક વાપરવા આપવા બદલ રા. માણેકલાલ રેવાશંકરનો પણ આભારી છું.

અસાડી પુર્ણિમા
૧૯૭૨ } પ્રકાશક.

ૐ

પુસ્તક કર્ત્તાની પ્રસ્તાવના.

ગીતી

શ્રી ગુરુદેવ કૃપાળુ, ભર્ત્તભુમિનાં દરિદ્ર દુખ હરતા;
વિચીક્ષણતા વધુ આપો, સંપ જંપથી સર્વે આચરતા.
સોની કામ કારીગર નીજકાર્યથી, જગજનને ઠગતા;
ગરિબ તવંગર સરખા ગણી, વિચાર કરે નહિ લગતા.

તે સંશય સહુ ટાળી, પ્રપંચ ભાષા મુખથી ઉચરતા;
ગોવિંદરામ ગુરૂ દ્રોહી, વિશ્વાસઘાતથી નરકમાં વિચરતા.

આપણા ભરતખંડમાં અને બીજા દેશોમાં પણ કારીગર લોકો કે જેઓ સોના રૂપા વગેરેના કિંમતી ધાતુ રત્નો મોતી વગેરેના દર દાગીના તથા કિંમતી કારીગરીની ચીજો બનાવે છે; તે લોકો તથા તેવી ધાતુ તથા ઝવેરાત વગેરે વેચનાર લોકો, સોની, લુહાર, જડીઆ ચીતણીઆ, પેલદાર તથા શરાફ, ચોકસી, વગેરે લોકો દુનિયાદારીની ચાલતી ભાષાના શબ્દો ફેરવી જુદી ભાષા કાઢેલી છે તેને બોલી એ લોકો પોતાનો વ્યવહાર ચલાવે છે અને તે વ્યવહાર ઘણો ખરો ઠગાઇથીજ ભરેલો હોય કે વિશ્વાસઘાત હોય. આ સિવાય આ ભાષાનો બીજો ઉપયોગ થતો જણાતો નથી. તે ભાષાને પારસી સમસ્યા-કોડવર્ડ કહે છે. એ વાત વાજબી રીતે જોતાં અન્યાયજ લાગે છે. આ ભાષામાં કારીગર અને શરાફો વાતચીત કરી શકે છે અને ગરીબ તથા અજાણ્યા માણસનું કાટલું કરી નાખે છે. તેજ ભાષા મહા પ્રયાસથી મેળવી આ પુસ્તકમાં દાખલ કરી છે. તો તેની માહિતી મેળવવાથી મ્હારા ગરીબ અને તવંગર બંધુઓ ચેતશે તથા ફસાતા બચશે. આવીજ ઇચ્છાથી આ પુસ્તક તૈયાર કર્યું છે. તેમજ તે ભાષા વાપરી કેવી રીતે ઠગે છે તે પણ અનુભવ સહિત બે ત્રણ બાબતો બતાવી સિદ્ધ કરી આપ્યું છે. તો આશા છે કે આ ગ્રંથ વાંચી મનન કરી તેનો ઉપયોગ દરેક બંધુઓ, બ્હેનો કરશે તો મ્હારો શ્રમ કૃતાર્થ થયો કહેવાશે! આ પુસ્તક છપાવી બહાર પાડવા માટે મી. ભીખાભાઇ છોટાલાલ ચોધરીએ લીધેલા શ્રમ બદલ તેમનો પણ આભારી છું.

ચૈત્ર શુક્લ ચતુર્થી ૧૯૭૦

મણીપુર—કડી.

લી. આર્ય સેવક.

ગોવિંદલાલ હીરાભાઇ જોશી.

હજારો રૂપીઆ કમાવો.

હુન્નરસાગર—(સચિત્ર] મીણબતી, બારસોપ, વારનીસ, સીમેંટ, ગીલીટ, કાગળ, બટન, લાખ, વગેરે ૧૩૦૦ હુન્નર. કી. રૂ. ૨॥.

હુન્નરપ્રકાશ—દીવાસળી, કાચકામ, સુગંધી એસેન્સો, અર્કો, કોતરકામ, વગેરે ૨૦૦૦ હુન્નર કી. રૂ. ૧॥.

સ્વતંત્ર હુન્નરસંગ્રહ—છેલ્લામાં છેલ્લા શોધનના અનુભવિક પરફ્યુમરી, તથા પેટંટ મેડીસનના હુન્નરો કી. રૂ. ०॥।=.

હુન્નરકળા-શીક્ષક—જર્મનીની સીસ્ટમ મુજબ બનતાં સેંટ જે-અત્રે. ઓટો કે-સેંટને નામે વેચાય છે તેવાં તથા એની લાઇન કલરો (રંગો) જેવા કે-ક્રોમયેલો, ગ્રીન, બલ્યુ. કીરમજી, ઓરેંજ, રેડ, તથા જાપાન બ્લેક, વગેરે રંગો: તથા પેન્ટરને લગતા વોટર કલરો: (પાણીના રંગો) હેરઓઇલ, હેરડાઇ, બાલામૃત, સાર્સાપરીલા, કોલનવૉટર, લવંડર મેન્થોલ, ગંધ, બ્રહ્મપુરી, બાલ કાઢવાના સાબુ વીગેરે ૨૧૧ હુન્નરની ૪ બુક કી. રૂ. ૧]. તથા સાબુ બનાવાનો હુન્નર કી. રૂ. ०।, વાળ કાળા કરવાનો હુન્નર કી. રૂ. ०।=, હુન્નરકળા (સચિત્ર) રૂ. ०। હુન્નરની કુંચી છપાય છે] કી. રૂ. ०।= સોની હુન્નર પ્રકાશ કી. રૂ. ०।.

વીગેરે હુન્નરનાં પુસ્તકો તથા બાઇસોરી ઉતમ સુવાસીક અગરબતી તથા જાણીતા કામદાર એન્ડ સન્સ—ની પેટંટ દવાઓ અમારે ત્યાંથી જથાબંધ તથા છુટક મળશે.

લખો:—આર. જી. કામાભાઇ

વ્યવસ્થાપક:—હુનરોદય બુકડીપો

૧૬ બનીયન રોડ. ઘોઘારી મહોલાના નાકા મુંબઇ નં. ૯

સ્વદેશી ઉદ્યોગને ઉત્તેજન આપો

દેશી હુન્નરને સતેજ કરો, વાંચો, મનનકરો એક પણ હુન્નર શીખી ધંધો શીખો! જરા લક્ષપૂર્વક વાંચો તો બસ છે.]

ફકત આપણાજ **દેશના તેલથી વગર અગ્નિએ દેશી**

સાબુ બનાવવાનો હુન્નર.

કે જેના માટે એકે અવાજે વખાણ થવાથી તેની નકલો પણ થવા માંડી છે. દેશહિતાર્થે તેની કિંમત પાંચ આના.

બૃહત્ હુન્નર સંગ્રહ

હુન્નરોનો ભંડાર કીમત રૂ. ૧-૦-૦

સોની કામનો હુન્નર

તમારા હાથમાંજ છે. કીંમત રૂ, ૦-૪-૦

હુન્નર કળા જ્ઞાન સંગ્રહ

ચાર પુસ્તકોની કીમત રૂ. ૨-૧-૦ છે પરંતુ સાથે મંગાવનારને માત્ર ૧-૮-૦ દોઢ રૂપિયામાં મળશે તાકીદ કરો [વી. પી. પોસ્ટેજ જુદું.

બી. સી. ચોધરી

તંત્રી દંપતી ધર્મ મફત માસીક પત્ર.

જમાલપુર—અમદાવાદ.

સોની કામનો હુન્નર.

વાહ, વાહ, આજનો દિવસ કેવો ઉત્તમ છે! ઋતુ કેવી રમણીય છે! મન કેવું પ્રફુલ્લિત છે! જરા આનંદ તો કરીયે!! આહાહા! નદી તટ કેવો રળીયામણો છે! મંદમંદ સુંગધી પવનની કેવી લહેરો ચાલે છે! નદી માતા કેવા પ્રવાહના તરંગોમાં ઊછળતાં ક્ષીરસાગર તરફ મળવા જાય છે! કિનારાની વનસ્પતિ કેવી નવપલ્લવ કુંપળો તથા પુષ્પ, મોરથી ખીલી રહી છે, ભ્રમર કેવા ગુંજારવ કરી રહ્યા છે! પક્ષીઓ કેવો કલ્લોલ કરી રહ્યાં છે! ઘાટ ઉપર નવયૌવના સ્ત્રીઓ કેવી તાંબા પીતળના પાત્રો લઇ પાણી ભરવા રંગબેરંગી વસ્ત્રો પહેરી લટકા-મટકા તથા હાસ્યવિનોદની વાતો કરતી ચાલી જાય છે, કોઇક વસ્ત્રો ધુએ છે! યુવકો નદીમાં સ્નાન કરે છે! ને આનંદ કરે છે! વૃદ્ધ સ્ત્રી-પુરૂષો સ્નાન કરી સંધ્યા-વંદનાદિ કરી ઇશ્વર સ્મરણ કરી રહ્યાં છે! ઠગ પુરૂષો ઠગાઇ કરવા, ચોર ચોરી તેમ કામાંધ પુરૂષો જાર કર્મની સગવડ માટે ઘાટ ઉપર આવી બેઠા છે! ઘાટ ઉપર શંકર વિષ્ણુનાં દેવાલયો આવી રહેલાં છે તેમાં આરતીઓ થઇ ઘંટનાદ-શંખનાદો થઇ રહ્યા છે, ગવૈયા લોકો રાગ આલાપ કરી રહ્યા છે! એકંદર દેખાવ ઘણોજ રમણીય છે, આહાહા! ધન્ય છે! આનંદી નદી માતાના તટને તથા ધન્ય છે આ નગરીને અને ધન્ય છે આ નગરવાસી જનોને! વારૂ જરા પૂંછુ તો ખરો કે

આ શહેર કયું હશે ? આ નદી તટ ઉપર એક મહાત્મા પુરૂષ તપશ્ચર્યા માટે ધૂણી ધખાવી બેઠેલા છે; ત્યાં ગયો તો એક ભક્ત, મહારાજને તમાકુની ચલમ ભરી આપતો હતો. તેણે કપાળમાં કેસરની આડ (અરચા) કરેલી હતી અને ભૃગુટીની વચમાં અંગી કરી હતી, કપાળની અરચામાં કંકુનો ચાંદલો હતો તેમને પુછ્યું ભગત ! આ નદી માતાનું અને આ નગરીનું શું નામ ?

ભગતઃ—આનું નામ સાબરમતી છે કળીયુગમાં ગંગાજી કહે છે અને આ નગરને રાજનગર (અમદાવાદ) કહે છે.

પંથીઃ—ઓહોહો, ધન્ય છે! આતો ગુર્જરખંડની મુખ્ય રાજધાનીનું શહેર છે માટે અહિં આનંદ હોય એમાં શું નવાઇ !

ભગતઃ—ભાઇ તમો ક્યાં રહો છો.

પંથીઃ—હું સર્વમાં ફરતો છું.

ભગતઃ—તમો જાતે કોણ છો.

પંથીઃ—લોકો મને બ્રાહ્મણ કહે છે, પણ આપ કોણ છો ?

ભગતઃ—હું સોની છું.

મહાત્માઃ—ભુદેવ તમારે ક્યાં જવા વિચાર છે ?

બ્રાહ્મણઃ—મહારાજ મ્હારે દેશાટણ કરી અનુભવ મેળવી દુનિયામાં પરોપકાર કરવાનો છે.

મહાત્માઃ—ઠીક તો અમારા આશ્રમે રહેવું હોય ત્યાંસુધી રહો

સોનીઃ—ગુરૂ મહાત્માશ્રીની આજ્ઞા થઇ છે તો એકાદ માસ રહો. સીધું-સામાન હું પહોંચાડીશ. દુનિયામાં શું લઇ જવું છે; આ સંસાર સ્વપ્નવત્ છે. ખાલી હાથે આવ્યા છીયે અને ખાલી હાથે જવાનું છે. જે કાંઇ પરમારથ થયું તે ખરૂં.

બ્રાહ્મણ—ભાઇ, તમો કુંકુંમવાળા જણાઓ છો તો પછી અમારૂં સીધું-સામાન ક્યાંથી પૂરૂં કરશો.

સોનીઃ—એતો ઠીક છે, ગુરૂજી આપની તથા મહાત્માશ્રીની કૃપાથી આ નગરમાં ઘણા ધનાઢ્ય-મદાંધ, ખીસ્સાનાતર-અક્કલના આંધળા અને હૈયાના ફુટેલા વસે છે. જેમના હાથે જમ બેઠેલા હોય છે. જેમનાથી એક પાઇ પણ ધરમાદા કે પરમારથમાં વપરાતી નથી તેઓ સ્ત્રી-પુત્રાદિના મોહવશ થઇ સોના રૂપાના દાગીના બના-વરાવવા આવે છે તેમને અમો અમારી ચાલાકી-ગારૂડી વિદ્યા ચલાવી ફસાવી દઇ પુષ્કળ દ્રવ્ય મેળવીયે છીએ. તેમાંથી અમારો સંસાર સુખેથી ચલાવી પરોપકાર પણ કરીયે છીએ.

બ્રાહ્મણઃ—ભાઇજી તમારી વિદ્યા એવી કેવી અજબ છે તમો દુનિયામાં શેઠ શાહુકાર-સરકાર-દરબાર અને ઓફીસર વગે ચાલાક હોય છે તેમને પણ ફસાવો છો.

સોની—જેમ વધારે શ્રીમંત, મ્હોટા, રાજા રજવાડાં અને વધારે ચાલાક તેનીજ આંખમાં અમો ધુળ નાંખીયે છીયે, ગરીબ ઉપર દયા રાખવા ગુરૂશ્રીની આજ્ઞા છે, અધર્મી લોકો અનેક પ્રપંચથી દ્રવ્ય મેળવે છે પણ પુન્ય મારગમાં દશાંશ પણ વાપરતા નથી તેવા જનો અમારા પંઝામાં થોડા દીવસે ફસાઇ જાય છે અને પૈસા-આપી જાય છે.

બ્રાહ્મણઃ—ભાઇજી! ત્યારે તો તમારી વિદ્યા એક અજબ કળા કહેવાય માટે તે તમારી કળા બતાવો.

સોનીઃ—અમારી બોલી પણ જુદી હોય છે.

બ્રાહ્મણઃ—આહોહો! તે વળી બોલી કેવી હોય છે? ઇંગ્રેજી-સંસ્કૃત. લેટીન-આરબી-ફારસી કે ક્યા દેશની બોલી બોલો છો.

સોનીઃ—તેવી એક પણ ભાષા નથી પણ જુઓ તદન નવીનજ છે.

સોની લોકોની ભાષા.

(કોડવર્ડ.)

જાત.	તોલ.	ચીજો.
બ્રાહ્મણ-કુંજરો કુલડો.	રૂપીયો-ઝાબણકો.	રૂપુ-ઉબણુ
વાણીઆ-શેરવો.	અધેલી-ખંપેલી	સોનું-શીશુ
સોની-શીખ-ચાલ,	ગદીઆણો-રેંટસો	પીતળ-કાળુ
કણબી-કોયો.	વાલ-રોયો	મોતી નાળકાં
રબારી-કંબોયો	રતી-કથી	પેટી-ટાંકી
કોળી કાકરડો-ચેણીયો	પૈસો-રાયડો	ઘર-નિઘળ
	પાઈ-રાછડી	

વાતચીતના શબ્દો.

મુસલમાન રેકડો-રેક

અંબાર-કુંજર.

અંક-અખવું	ઉમેરવું-પોટવું	
એક-કણી	આવવું-આકુતવું	મેળવણી-હાર
બે-સમાણી	બેસવું-ઠથવું	બિશ્રણુ-ઓક
ત્રણ-એકલવાઈ	જોવું-તેગવું	જોખવું-ઘુગવું
ચાર-એણ	આપવું-ઉચવવું	ઓછુ-ઓખુ
પાંચ-મુળએણકણી	લેવું-લાગવું	વધારે-બેકુ
છ-એણસમાણી	ચોરવું-કોદવું	ગાળવું-ગીગવું
સાત-એણએકલવાઈ	ઉડાવવું-પારાકરવું	ભાગવું-ચશવું
આઠ-કણલએણ	કાપવું-કાથવું	ઢાળકી-રણી

નવ—ડબલ ચોગુકણી કકડાપાડવા—કાથાપાડવા ચોરીલેવું—બેગુકરવું
દસ—ડબલએગુથમાણી. મુગાપાડળા જવું—ટાંકણવું
અગીયાર—ડબલએણ એકલવાહ ભાંગતાં ચારવું—થડીવાદળી
છોકરો—લુચીઓ
બારબાબર બદલવું—ફરકવું. છોડી—લુંચડી
બદલીલેવું—ફરકનેટ દારૂકીયા નાડો
ગાંજો—લેથો. હથાયારો વગેરે
ગાંડો—લેંધો. સગડી—અંગોઠુ
મરાવું—માડવું સાડ—આવી.
બીડી—ચુસણાં ઘટનાકટકા—પાસચા
ખાવાબેસવું—પતીયાળીઠોવી જેમાએણ બેસાડેલ—ખોડહુ.
ઘો—પીગ છે તે.
સરકારે—બેડાસ ભુંગળી—નાળ
સુરચો—લીગણો ચીપીચો—સાણુસો
ફજેતો—ડપાળો ત્રાક—કણી
કુલડી—મુસ નાનો ચીપીયો—સમાણો શમાણાં
વેચવું—કીબવું ગોળવો—મેઠીયો
બેસાડવું—ઠબાડવું શેગરો—અડાપણું
બેઠો—ઠસ્યો. ખાપીયુ—વાબોતાણુવાનું
બેઠો—ઠસ્યો. સાણુસી—કાગડાશાણુસી
માંગુ—કાઠુ અડીલાંબી—અળગોળ ચકચડુ
સારુ—નેકળુ પકડ, એણ, હથોડો, હથોડી.
કડાં, બંગડીઓ વીગેરે હાથાળાં ચોપણી, કુડ, કાચલો. કડુ રેન્જુ
રેછ, પાકલો, કોટા.

કલાં સાંકળાં વીગેરે પગાળાં
કાંસડી-કાટાળી
કોટના દાગીના—કોટાળાં
નાકના દાગીના—કાનાળાં
બેસવું ઢબવું
કરવું ઠોવું
ખાટ—ઢો.
કરે છે-ઠોવે છે
કાડી લેવું-થડી વાળવું
મારવો-અખારવો.
મેવળણી-સંજોગ
નીંદા કરવી—ચતી કરવી

આંકડી, માદીયુ, કાગણી, ઝેણી.
વેણું શાયન, ખીલો, આંકડો,
રેલી, ખડીયો, નવસાર, ફટકડી
ગેરૂ, મોરથુથુ, મીંઢુ, આંબલી
ગંધકનો તેજાબ, શુરાનો તેજાબ
શીરૂ, કલઇ, માશલા, કસોટી વીગેરે.

બ્રાહ્મણ—અરે તમારી બોલી તો વિચીત્ર છે.

સોની—ગુરૂજી તમો બપોરના વખતે મહાત્માશ્રી વિશ્રાંતી લે ત્યારે મ્હારી દુકાને દરરોજ પધારજો કે તમોને અમારી દરરોજ નવીન લીલા બતાવતા જઇશું.

બ્રાહ્મણ—ઠીક બાપ કાલે તમારી દુકાને આવીશ.

સોની—મહાત્માશ્રી તથા ગુરૂજી-રજા લઊ છું.

બંન્ને કહે—ભલે આવજો.

ભગત સોની પોતાના ઘેર ગયો ત્યારે,

બ્રાહ્મણ—મહાત્માશ્રી આપે ભગતની હકીકત સાંભળી કે ?

મહાત્મા—હું પણ ભગતનીજ જાત છું.

બ્રાહ્મણ—ત્યારે શામાટે આપ સાધુ થયા છો.

મહાત્મા—હું પરજીયો સોની છું, પણ હવે આવો ભેખ ધારણ કરી ઠગાઈયો કરૂં છું ને મ્હારા કુટુંબનું પોષણ કરૂં છું.

બ્રાહ્મણ—ત્યારે તમારી વિદ્યા કેવી હશે—

મહાત્મા—તમો હાલ સોની કામથી ભોમીયા થાઓ ત્યારે પછી અમારી કળાઓ બતાવીશ. એમ વાતચીત કરતાં સંધ્યાકાળ થયો કે સોની તમાકુ, ગાંજો લેઈને આવ્યો, મહાત્મા-જય શ્રીકૃષ્ણ—મહાત્મા જય શ્રીકૃષ્ણ બેસો. એમ વાતચીત કરતા બેઠા. ગાંજો બનાવ્યો ને ચલમ પીને પગે લાગી સોની ઉઠયો.

સોની- ગુરૂજી શહેરમાં આવવું છે? ચાલો મહારી દુકાન બતાવું.

બ્રાહ્મણ--ચાલો આવું છું એમ કહી બંને શહેર તરફ વાર્તાલાપ કરતા ચાલ્યા. કાલુપુર ચકલામાં પોતાની દુકાન હતી તે બતાવીને મહારાજને એક રૂપીઆની મીઠાઇ અપાવી તે લઇ બ્રાહ્મણ પોતાના મહાત્માના સ્થાનકે પાછો આવ્યો ને મીઠાઇ મુકી ત્યાં બેઠા. તે દિવસ આનંદમાં ગયો.

બીજે દિવસે સવાર થયું પક્ષીઓના શબ્દો પવનની લહેરો અને ગંગા માતામાં વહેતાં પાણીના મોજાના અવાજોમાંથી સવિતાનારાયણના દર્શન થયાં કે સોની ધોતીઉ બગલમાં મારી આવી જયશ્રીકૃષ્ણ કહી બેઠો.

સોની—ગુરૂજી આજે આવજો. દુકાને કામ વધુ છે માટે જાઉં છું; કહી ચાલવા માંડયો.

બ્રાહ્મણ—ઠીક ભગત પણ ચલમ તો પીતા જાઓ, મહાત્માશ્રી બોલાવે છે.

સોની—લાબે હાથે લાવો કહી ચલમ પીધી ને ચાલતો થયો. પછી બપોરનો વખત થયો; બ્રાહ્મણે રસોઇ કરી શ્રી ઠાકોરજીને નૈવેદ્ય

બતાવી બંન્ને જણુ જમ્યા ને મહાત્માએ વિશ્રાંત લીધી; એટલે બ્રાહ્મણ શહેરમાં ચાલ્યો ને સોનીની દુકાને આવ્યો.

સોની—આવો ગુરૂજી મહારાજ. અલ્યા ચીમન આ આપણા ગુરૂ છે; પવિત્ર છે, અને મહાત્માશ્રીના ત્યાં રહે છે તેઓ હમ્મેશાં આપણી દુકાને આવશે.

ચીમન—બાપા કુંજરો બેઠાસીયો તો નથી.

સોની—ના, ના, એતો નેકળો છે.

ચીમન—બાપા કદી તીગણો હોય તો વખતે ઊપાળો કરાવી. બેઠાસમાં લાગી જાય.

સોની—ના બેટા તેમ નથી કુહડો ચણોજ નેકળો છે.

ચીમન—ઠીક ત્યારે એમ વાત કરે છે ને બ્રાહ્મણ બેઠો છે એટલામાં એક ઘરાક આવ્યું—

સોની—બેટા ચીમન સેરવો આહુતે છે. તેના કોટાળો તથા હાથાળાં ચાસવાનાં છે.

ચીમન—પધારો મંગળદાસ કાકા.

સોની—આવો શેઠજી સાહેબ—કહી શેઠને ગાદી તકીયે બેસાડયા.

સોની—બેટા ચીમન જો ઘરમાંથી પાનબીડાવ ને તારી માસીને કહે કે, શેઠ માટે ચહા મુકે,

મંગળદાશ—નાના હજુ ચ્હાના ટાઇમની વાર છે. હાલ તો ગરમી છે.

સોની—ચીમન જા. ચાર વાગે ચાહ મુકવાનું કહેતો આવ અને લેમોનેડ તથા આઇસક્રીમ લેતો આવ કહી એક રૂપીઓ આપ્યો: ને કહ્યું બેટા. ઝટ આવજો એણુ દેરૂલા હાર બાંધતો આવજે અને ફુલ લેતો આવજે વાર કરીશ નહી. એમ કહી ચીમનને મોકલ્યો.

શેઠ—અમારે થોડુંક કામ છે.

સોની—ફરમાવો.

મંગળદાશ—આ દાગીના ભાગવાના છે તે ગાળો કેટલું સોનું બંધ બેસે છે ચોપડે નોંધ છે,

સોની—શેઠજી નોંધ હોય કે ગમે તેમ હોય! મારી રીત-ભાત તમે જાણો છો, મારે તો ચોખી મજુરી મળે એટલે બસ છે, નકામ્ તમારો અને પરભુનો ચોર શામાટે થાઉં મારે તો એમાંથી હરામ છે—

મંગળદાશ—ના ના હું ક્યારે તમારો અણુભરોંસો રાખું છું; હું જાણું છું કે તમો ભગત છો.

સોની—શા જીવવા સારૂ પ્રપંચ કરવો પડે, જોઇયે તો તમે તમારા દાગીના ગળાવી ચોખુ તોલ કરી આપી જાઓ;

મંગળદાસ—નાના યાર ભગત તમો તો નકામી માથાઝીક કરો છો મને ક્યારે તમારો અણુભરોંસો છે હું કયો તમને નથી ઓળખતો—

સોની—શેઠજી જો અમારે લુચ્ચાઇ કરવી હોય તો ઘણાએ રસ્તા; પણ આપણે તો એ ધંધો મૂકી દીધો છે. દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં. કશો ફાયદો દીઠો નહી. મ્હારે તમારામાંથી તો શું પણ કોઇનું ખાવું નથી, જાઓ માતાજીના સોગન છે અને તમારા મ્હારા વચમાં શ્રી અંબાજી છે પણ શું વાટ કરવો છે?

મંગળદાસ—૨૮ ગદીયાણાની, તાસેલી બંગડીયો અને ૧૨ ગદીયાણાંની દાણા ભાતની એક કંઠી તથા ૨ ગદીયાણાની જાળી-વાળી વીંટી એટલું હાલ કરવું છે.

સોની—કંઠીના તોલા ૧ ના રૂ. ૨) બંગડીના તોલા ૧ ના રૂ ૧) અને વીંટીના રૂપીયા ૨) એ પ્રમાણે ચોખ્ખી મજુરી પડશે, પાછળથી વાંધો કામ ન લાગે.

મંગળદાસ—તે કબુલ છે. લ્યો આ ઘાટ, કહી હાથનાં કડાં, કલીઓ, દોરો, લોરીયાં, બેરખા વગેરે કહાડીને ઢગલો કર્યો એટલામાં ચીમન આવ્યો.

ચીમન—લ્યો બાપા બાટલી ! કહી લેમોનેડની બે બાટલીએમ મુકી તથા આઇસ પણ લાવ્યો તે અને બાટલી શેઠને આપી.

મંગળદાસ—કહે કેટલા પૈસા ખરચ્યા.

સોની—શેઠજી આ દુકાન તમારી છે જૂદાઇ ગણવાની નથી. આઇસિ (બરફ) સાથે લેમોનેડ પી શેઠ તકીયે ટાડા થઈ બેઠા.

સોની—ચીમન અંગીઠું સળગાવ તડતડીયા કોયલા સાચવજે

ચીમન—ઠીક બાપા બહાર ઢબાડું છું.

સોની—ઠીક પણ એવા રાયઠા બીજા ઢબાડ સીધુ નેકળુ છે શેરવો લેધોછે જા પાન લઇ આવ:

ચીમન—કહે મારી માસી લાવે છે. પછી જણશો માંગવા માંડી

સોની—જો બેટા સંભાળજે ઉપાળો થાય નહી. શેઠના કામમાં કેવું ચોખ્ખું કરવાનું છે કે ફરી ફરીને ગયેલી ઇજત આવે નહીં. તમે ઊછરતાં છોકરાં વગર સમજે માણસ ઓળખ્યા સીવાય કામ કરો તો કોઇ વિશ્વાસ રાખે નહિ. આ માસીનો ખાટલો તો જોવો પડે આતો આપણું ઘર છે માટે સાચવીને ભેગું કરજે વેરાય નહિ થેપડી કરતા ઈરચ્ય પણ પડે નહીં. સારી રીતે ઘડી વાળજે. મજબુત ટીપજે તાવા ઠીક પડે પતરાં ઉકેલી નાખ.

ચીમન—બાપા તમને લમણાંઝીક કરવાની ટેવ પડી છે: કંઈ મંગળદાસ કાકાને કાંઇ નથી ઓળખતો, હું તો એમનું બચ્ચું છું.

મંગળદાસ—ના બેટા તું તારે કામ કર. જા મને ભરૂસો છે. નાહક ભગત–ને કટકટ કરવાની ટેવ પડી છે પછી તમામ જણસો ભાંગી પતરાં ઊખેડી કકડા પાડી જુદા કર્યા અને હથોડેથી એરણ ઉપર કુટી ચપટાં કર્યા.

સોની—બેટા ચીમન. તોલ કરો પછી ગાળોને ઢાળ પાડો જોજે કાંટાની કડી ચઢી જાય નહિ તુગએકુ રાખજે.

ચીમન—ઠીક પછી તોલ કર્યું તો ૩૩ ગદીયાણા સોનું નીકળ્યું.

મંગળદાસ—કેમ ભગત ચોપડાની નોંધ કરતાં ૧૦ ગદીયાણા નો ફેર પડ્યો ?

સોની—જુના વખતના દાગીના ઘસાયા પણ હશે ને કાંઈક ઘાટમાં પણ ફેર—

મંગળદાસ—ઠીક પછી ચાર વાગ્યાનો વખત થયો કે ભગતની નવી બાયડી ચ્હા તથા પાન લઇને આવી ને સોનું ગાળવું શરૂ કર્યું.

ભગત—શામા બાયણામાં ઠમો શેરવો લેશો છે. શેઠજીને ચ્હા આપો (**સોની**) પછી બંધાએ ચ્હા પીધી ને ચીમન સોનું ગાળવા માંડયો મંગળદાસ ભગત જોડે વાતો કરે છે ને નવી તરફ જુવે છે.

નવી—શેઠજી ! શેઠાણીના હાથની બંગડીઓ કરવાની છે? જુઓ આ મ્હારી બંગડીયો કેવાં જાળીવાળી તાસલી છે.

ભગત—એના કરતાં પણ હું સારી બનાવીશ. શેઠાણી જેવાં તેવાં પહેરનાર નથી !

નવી બંગડીયો બતાવવા લાગ્યાં.

સોની—ચીમન ધમો ચલાવ હારપોટ ને રાયડા પણ પેટજે કોદવામાં ભુલ થાય નહી. નહી તો ઉપાળો થશે.

ચીમન—દીકરા નહી કુલડી સંભાળીશ નહી ફાટે રેજો લાવો રસ થવા આવ્યો છે, સોની રેજીમાં દીવેલ નાખી આપીને કામ શરૂ કર્યું.

ચીમન—હારપેટી અંદરથી કાથાપારા કર્યાં બાપા હવે બીજા કોયલાની જરૂર છે થોડા લાવો.

ભગત—એટલામાં ચલાવો હવે ઘેર કોણ જાય પછી સોનું ગાળી લાળકી પાડી તોલ કર્યું તો ૩૧ ગદીયાણા થયું.

મંગળદાસ—બે ગદીયાણા કેમ ઘટયું.

સોની—શેઠજી વધારે તોલમાં મેલ વગેરે બળી જવાથી એટલું તો ઘટે બેટા ચીમન જો જો કાંઈ કુલડીમાં રહ્યું છે.

ચીમન—લ્યો આ કુલડીમાં જોયું તો બે કુલડીના બેગવા ચોટેલા કાઢી આપ્યા.

સોની—બેટા એ સોનું આપણે શીવ નિર્માલ્ય છે. વારૂ શેઠજી હવે બીજું ૧૧ ગદીયાણા સોનું વધારે જોઇયે.

મંગળદાસ—તમારા ઘરમાં હોય તો નાખો હીસાબ મજરે આપીશું.

સોની—એટલું તો શીલીકમાં હાલ સોનું નથી બજારમાંથી મંગાવો.

મંગળદાસ બજારમાંથી ૧૧ ગદીયાણા સોનું લેઇ આવ્યા ને આપ્યું ૩૧ ગદીયાણાના સોનાની બગડીમાંથી ચાર વાલ ચાસણી મંગળદાસને કાપી આપી તે લેઇ ઘેર ગયા. પછી ઉડાવેલું સોનું કાઢયું તો. ૯ ગદીયાણા થયું.

સોની—ભાઇ ચિમન આજે ગુરૂજીના પગલાં થવાથી આપણને કેટલો નફો થયો વારૂ ?

ચીમન—બાપાજી એતો પવિત્ર છે એવી મારી ખાત્રી થઇ.

બ્રાહ્મણ—આ બધું સોનું ક્યાંથી આવ્યું ?

સોની—એ બધું મંગળદાસની મોકાણ વાળી—

ગુરૂજી—શી રીતે કર્યું. તે હું કાંઈ સમજી શક્યો નહી.

સોની—૧૦ ગદીયાણા તો બાગતાં લીધું, ૩ ગદીયાણા તોલમાં લીધું અને ૬ ગદીયાણા ગાળતાં લીધું.

ગુરૂજી—૬ ગદીયાણા ગાળતાં શી રીતે લીધું.

સોની—૪ ગદીયાણા તો રૂ. ૧૬ ના ભાવનું સોનું મુકીને લીધું; અને ૨ ગદીયાણા ત્રાંબુ મુકયું અને ઉપાડી લીધું.

ગુરૂજી—ત્રાંબુ મુકવાથી તો સોનું બગડે.

સોની—વધારે સોનામાં બગડે નહી, વળી ૧ાા ગદીયાણા રૂપુ (ચાંદી) મુકી. જુઓને સોનું લીધું છમ થયું છે.

ગુરૂ—હવે તો સંતોષ થયો કે નહીં. ?

સોની—ના, ના, ભાઇ હજુ તો ઝાલણ. આવશે. તેમાં રાયપાટો લેશું, ફકત રૂ. ૨૫૦) ચોખ્ખા એમાંથી બધા લેવાના છે. ને મજુરી જુદી. એતો ચીમનને કામ સોંપ્યું, તેથી બરાબર લેઇ શકયો નહીં. નાનું છોકરૂં—શીખાઉ છે એની હિંમત ચાલતી નથી.

નવી—હવે મારી ગુજરીઓ કરો.

સોની—ચીમન તેમ કરો; પણ ૧ ગદીયાણો ગુરૂજીને આપો.

ગુરૂજી—ના ભાઇ મ્હારે આવું અધર્મનું ન જોઇએ.

સોની—મહારાજ એ શ્રીમંત છે દાન પુન્યમાં પૈ વાપરતો નથી માટે ઇશ્વરનો અમને હુકમ થવાથી અમે કામ કર્યું ને બિ-

વીંધ્ને લેઇ શકયા છીયે માટે લઇ જનઓ. ચીમન શીઘ્ર શેરવાની દુકાને ફીમીઆવ ને રોકડા પૈસા લાવ, કે સીધું–સામાન લેઇ મહાત્માના ત્યાં પહોંચાડીયે.

ચીમન—ઠીક, પહોંચાડુ છું કહી ગયો. બ્રાહ્મણ તો મહાત્મા શ્રીના આશ્રમે ગયો.

બ્રાહ્મણ—ધન્ય છે ભાઇ–તમારી ચાલાકી અને હીંમતને.

મહાત્મા—હજુ તો પહેલો દીવસ છે જુવો તો ખરા રોજ નવાં નવાં કૌતક જોવા મળશે પછી બીજે દીવસ થયો.

સોની—બેટા ચીમન આજે બે તડબુચ મંગળદાસના ત્યાં પહોંચાડો અને કહેજે કે મારે ત્યાં ખોળકેથી આવેલાં છે તેમાંથી મોકલ્યાં છે.

ચીમન—ઠીક બાપા કહી બજારમાંથી દશ આનાનાં બે તડબુચ લીધાં તે પરભારે મંગળદાસના ઘેર પહોંચાડયાં ને કહે કે કાકા સાહેબ મારા બાપાએ મોકલ્યાં છે. શેઠ કહે કયાંથી લાવ્યો.

ચીમન—અમારા સગામાંથી એક ટોપલો ભરીને આવ્યાં છે તે મારા બાપાએ મોકલ્યું છે એમ કહી આપી બજારમાંથી૧ તડબુચ લેઇ ઘેર આવ્યો.

સોની—કેમ બેટા ચીમન બે પહોંચાડયાને,

ચીમન—તે પહોચાડયાં અને એક દુકાને મારો માસી લઇ આવશે.

સોની—ઠીક બેટા તું પણ ઠીક કારીગરી જાણવા લાગ્યો. ચાલો દુકાને, દુકાને ગયા ને બેઠા. એટલામાં બ્રાહ્મણ આવ્યો.

સોની—આવો ગુરૂજી.

બ્રાહ્મણ—કમાલ છે ભાઇ તારી કારીગરીને એમ બેઠા બેઠા વાતો કરે છે એટલામાં એક હકીમજી આવ્યા.

સોની—બેટા ચીમન રેકડો આવુતે છે.

ચીમન—ઠીક બાપા ફીકર નહી, હું રણ્ણી કરી દઊં.

સોની—પધારો હકીમ સાહેબ.

હકીમ—જી હા. થોડા કામ હે. દો છલ્લે બનાનેકા હય.

સોની—ભલે ભલે તમારૂં કામ પહેલું ને બીજાનું પછી સોનું કેટલું છે.

હકીમ—તીન ગદીયાણુા પાટકા સો ટચકા ટુકડા હે ઔર છલ્લા દો બાલોરી ઘાટકા બનાનેકા હે:

સોની—બેસો સાહેબ, તમારાથી રૂડાં કામ છે.

હકીમ—મજુરી કયા દામ પડેગા.

સોની—કશી મજુરી લેવાની નથી એવા જુજ કામમાં ઘડામણ લેઇને અમારે પૈસાદાર નથી થવું. અમારૂં ધન્યભાગ કે આપના સરખાના અમારી દુકાને પગલાં થાય; અમારે કામ પડે તો આપને કયાં કહેતા નથી આવડતું. બેટા ચીમન ઘેર જા હું વાળો ટીપુ છું તું ઘેરથી અડી લેતો આવ ને પાન લેતો આવજે.

હકીમજી—લ્યો છલ્લા બનાઇયો મેં જાતાહું.

સોની—ના સાહેબ આપ બેસો હું ઝાઝી વાર નહિ કરૂં. હાલનો સમય સારો નથી એકે સહજ વંચાય. અમારા સોની ભાઇનું કામ માથાવટી હલકી કાંઇ ન હોય તોપણ કહેશે કે સોની ખાઇ ગયો.

હકીમ—કહે પણ મેરેકુ તેરી ખાત્રી હે.

સોની—ના સાહેબ બેસો તમારી નજરે ઘડી આપું ઘાટ કાંઇ વધારે નથી. અરે ચીમન તને ઝટ ઘેર જા એકલખાઇ

રેડલા ખાસુ શીસુ લઇ ઠોકરી જલદી આવ. ફુરકનેટ કરવો છે જા જા મૂરખ કશી અક્કલ નથી, માણસ તો જો કોણ છે ?

ચીમન ઘર તરફ ચાલ્યો ઘેર જઇ બે વીંટીઓ સપાટામાં તૈયાર કરીને અડી તથા પાન લઈ આવ્યો. હકીમજીને પાન સોપારી આપ્યાંને ચલમ ભરી આપી કે ભગતે વાળો વધારી આપી માપ લઇ અડીમાં ઠોકી છલા વાળ્યા.

સોની—ચીમન આ છલાને કુડકરને ધોઇ સાફ કરી આપીને આપ. એટલે ચીમને છલા લેઇ ફુરકી નાંખી પોતે બનાવેલા છલાને કુડ કરી ચોળી સાફ કરી મોળો ગેરૂ કરી આપ્યા. ભગતે તોલ કરી આપ્યું કે હકીમજી તોલાવી લેઇ ખુશી થતા ઘેર તરફ જવા ઉઠયા ને કહે કે ચીમન રૂ. ૧) લે. ખાનેકા લાઇયો.

સોની—ના સાહેબ ૧ પૈસો પણ ન જોઇએ ત્યારે હકીમજીએ સોગન ખવડાવ્યા કે મેં ચીમનકુ દેતાહું.

સોની—ત્યારે તમો જાણો. પછી હકીમજી ઘેર ગયા.

ગુરૂજી—ભગત આમાં તમને શું મળ્યું,

સોની—ચોખ્ખા રૂ. ૪) મળ્યા. બે રૂપીયા કેનું સોનું લઇ ગયો.

ગુરૂજી—શા રીતે.

સોની—ચીમન બતાવ હકીમજીનું સોનુ " ચીમને બતાવ્યું ગુરૂજી ખુશી થયા."

ત્યારબાદ મંગળદાસ શેઠ આવ્યા.

સોની—પધારો શેઠ સાહેબ

મંગળદાસ—કેમ કર્યું.

સોની--શેઠજી તમારોજ ઘાટ ઘડીએ છીએ, તમારૂ થતાં સુધી બીજુ' કામ લેવાતું નથી, પણ આ થોડુંક વચમાં હકીમજીનું કામ લીધું હતું.

મંગળદાસ–ઠીક ભાઇ તમારી નજરમાં આવે તેમ કરો! એટલામાં મંગળદાસનો ગુમાસ્તો આવ્યો.

સોની—ચીમન કોચો તીગણો છે, ઠસ્યો છે.

ચીમન—ઠીક બાપા.

મંગળદાસ—ભગત–અમારા–હરીયાનું કડું આજજ કરી આપો

સોની—ભલે! હું જાણું છું. હરીયો સારો છે. ચીમન તું ઓળખે છે શેરવેણનું ઘાટ કાઢે છે ખુબ નાડો અને લેઘો ચસે છે. એક દીવસ તો કીટો ચસી રણી થયેલો મેં સ્ટેસન ઉપર તીવ્યો હતો; શેઠ કરતાં શેઠાણીનો માનીતો છે માટે લાવો ભાઇ પહેલું એનું કડુ મેંદો. સોનું તોલ કરી લ્યો એક તોલો ૮ વાલ સોનું થશે કડુ સાદુ' ભુંગળીવાળુ કરવાનું છે કે મોંઢીયાવાળુ?

હરીઓ—સાદુ' કરી આપો.

મંગળદાસ—ઘડામણ શું લેશો.

સોની—એ તમારો ગુમાસ્તો છે માટે ફક્ત રૂ. ૦—૮—૦ લેઇશું. બેટા ચીમન, પતરૂ' તૈયાર કર હું જરા ઘર આગળ જઇ આવું; પતરાને એડો રાખીશ નહીં છેડાની જામે કે કાથા પાડવા ઠીક પડે. પતરૂ' ફેરકવું નથી. કહી ભગત ઘેર ગયા અને તરત્રુચ લેઇ આવ્યા.

મંગળદાસ—આજે મ્હારા ત્યાં પણ બે તમોએ મોકલ્યાં છે.

સોની—એ તો આવ્યાં હતાં તે મોકલ્યાં છે. એ બધું તમારૂ છે.

ચીમન—બાપા જુઓ પતરાં થયાં ગાબો મેળવતાં સોનું વધ્યું તે તાવી ગાબા ઉપર વાળવું; છેડા રહયા તે અંદર વાળ્યા ને નબોદારદોરા મુક્યા તાવતાં ૪ કાથા પડયા.

સોની—એણુદોરા કાથા પડયા હશેતો.

ચીમન—હા બાપા લ્યો તૈયાર કામ થયુ પછી કડું ઘાટ સાફ કરી ભુગળીયો બેસાડી કડુ આપ્યું; હરીયો શેઠ ખુશી થઇ ચાલ્યો.

મંગળદાસ—ભગત હવે આપણું કામ કાઢો.

સોની—તમારૂં કામ પહેલું ને બીજાનું પછી લાવ બાઇ ચીમન બંગડીયો તથા કંઠીનું સોનું કાઢયું ને કામ ચાલુ કર્યું ચાર વાગ્યાનો ટાઇમ થયો.

મંગળદાસ—હવે હું જઇશ.

સોની—બેટા ચીમન, તારી માશીને કહે કે ચ્હા લાવે. બેસો બેસો ! શેઠ સાહેબ જવાય છે તમારા જેવા ભાગ્યશાળી પુરૂષોનાં પગલાં અમારી દુકાને આવવાથી અમને તો બે નફા છે એક તો આબરૂ વધે ને લોકોમાં પણ સારૂં દેખાય.

મંગળદાસ—એમાં શું તમારે મહેનત કરી મજુરી લેવી છે.

સોની—ચીમન જલદી ચ્હાનું કહી આવજે સાથે રાયડી શીયાની હાથાળી લાવજે.

ચીમન—ઠીક જાઉછું બાપા ! કહી ગયો ને ઘેર સંદેશો કહી આવ્યો કે નવી ચ્હા લઇને આવ્યાં—અને લટકો કરી અંદર બેઠાં

નવી—લ્યો શેઠજી જુઓ કેવી ચ્હા બની છે. ?

મંગળદાસ—તમારામાં શું ખામી છે કે ચ્હામાં હોય ! નવી બાબી આ બંગડીઓ તો ગીનીના સોનાની છે ? ભગત આ બંગડીઓ ઠીક દેખાય છે.

ભગત—(સોની) શેઠ એ ગીનીનું સોનું ઘસાવા ઠીક પ- હોંચે એની બટન વીટીઓ વગેરે સારી થાય.

મંગળદાસ—જ્યારે આપણાં બટન કરો તો કેટલી ગીનીઓ જોઇએ છે.

સોની—ચાર ગીનીઓ લાવો કે દશ બટન બોરીઆં થશે ને ચાર બટન કાંડાના થશે. ચાર ગીનીઓ મંગાવી તોલ કરતાં સાડા પાંચ ગદીયાણા થઇ.

મંગળદાસ—આ સોનું શા ભાવે બંધ બેશસે.

સોની—રૂ ૨૧—૧૨—૦ નો ભાવ તોલે બેશસે. પણ બટન સારાં થશે. હવે ચ્હા પીયો: મંગળદાસે ચ્હા પીધી, પાન ખાઇ વીદાય થયા.

સોની ચીમન પેલો તેજાબ લાવ તેજાબ ગદીયાણા ૪॥ લીધો ને ત્રાંબુ ગદીયાણો ०॥। મુકી ગાળી કાઢ્યું.

ગુરૂજી—એમાં શો ફાયદો પડયો ?

સોની—ચાર ગીનીઓ રૂ. ૬૦) ની કીંમત ઉપજશે ને શોનું રૂ. ૨૩) ના ભાવનું છે તથા રૂ. ૫૨—૪—૦ નો માલ થયો એટલે ચોખ્ખા રૂ. ૭—૧૨—૦ મળ્યા.

ગુરૂજી—તમારી કારીગરી જબરી છે, દુનિયાનો ઠગ વાણીયો તેની આંખમાં પણ તમો ધુળ નાંખો.

સોની—અમારી ભાષાની ચાલાકી પણ કેવી છે સાંભળો તે ઉપર એક વાત કહું:—એક સોની ને બ્રાહ્મણ બે જણા પરગામથી આવતા હતા. વચમાં નદીમાં પુર હતું તેમાં એ ઉતરવા લાગ્યા તેમાં સોની તણાયો ત્યારે પોતાની પાસે શોનું હતું તે બ્રાહ્મણને આપ્યું; ને કહે કે ભાઇ હું તણાયો છું પણ તું, મારે ઘેર સંદેશો કહેજે.

"ચાલ તણાયો શેઢીએ, શીશુ કુંજરકા પાસ;
લાગજો જો ઉચવે તો, નહીં તો જજો બેડાશ."

બ્રાહ્મણ—ઠીક.

સોની તણાયો તે આગળ ગયો ને ઝાડનું ડાળું હાથ આવવાથી તે ઝાડે લટકી રહયો નદીમાંનું પુર ઉતર્યું અને થોડેક દિવસે ઘેર આવ્યો ને બ્રાહ્મણને કહે કે મારૂં સોનું લાવ બ્રાહ્મણ કહે કે મને કાંઇ આપ્યું નથી; લુચ્ચા માણસ કોઇને ગળે પડતું છે? લોકો ઘણા એકઠા થયાને સોનીને મૂર્ખ બનાવ્યો.

બ્રાહ્મણ—ભાઇ મને ફક્ત એક સંદેશો કહયો હતો તે એના ઘેર કહેવો ભુલી ગયોછું એ તે મને યાદ છે એમકહી બોલી બતાવ્યો. સોનીએ તેના શાક્ષી રાખી કોર્ટમાં ફરીયાદ નોંધાવી ત્યારે બ્રાહ્મણ ઇનકાર ગયો ને કોર્ટમાં સોનીએ કહેલો સંદેશો કોર્ટને કહી બતાવ્યો ને મેજીસ્ટ્રેટ સાહેબે નોંધી લીધો ને સાક્ષી લીધા તેઓ પણ સોની અને બ્રાહ્મણની તકરાર રૂ. ૫૦૦) ના સોનાની થતી વખતે હાજર હતા તેમાં સોનાને માટે ઇનકાર હતો પણ સોની નદીમાં તણાઇ જવા લાગ્યો ત્યારે પોતાના ઘેર ઉપરનો સંદેશો કહેવાનું કહેલ કબુલ કરતો હતો અને તે સોનીને ત્યાં કહેવાનું ભૂલી ગયો હતો એમ કબુલ કર્યાનું કહ્યું.

માજીસ્ટ્રેટ—સોની ઉપરના સંદેશાનો અર્થ કોર્ટને બતાવ.

સોની—સાહેબ કોઇ શરાફ અથવા કોઇ વિશ્વાસુ સોનીને બોલાવી શાક્ષી તરીકે અર્થ કરાવો. કોર્ટથી એક સોની તથા એક શરાફ (ચોકસી) ને બોલાવી સાક્ષી લેતાં તેઓએ જણાવ્યું કે તેનો અર્થ નીચે પ્રમાણે છે—શેઢી નદીમાં સોની તણાઇ ગયો છે અને

સોનું બ્રાહ્મણને આપ્યું છે-તે આપે તો લેજો નહિ તો સરકારમાં ફરીયાદ કરજો એ પ્રમાણે સોનીની ભાષાથી અર્થ થાય છે.

માજીસ્ટ્રેટ—બરોબર છે મહારાજ નદીમાં સોની મરણવશ થતી વખતે તમોને સોનીએ સોનું આપેલ છે જો તે મરી ગયો હોત તો કાંઇ આપત નહિ અને સોની પોતાનું ખરૂં આપેલુંજ કહે છે વધારે કહેતો નથી માટે કાયદાની રાહે તમારા ઉપર થયેલા ખર્ચ સહ રૂપીયા આપવા હુકમ કરૂ છું. એમ કહી હુકમ કર્યો તે બ્રાહ્મણને આપવું પડયું. જો સોનીએ પારશીમાં સંદેશો ન કહેવરાવ્યો હોત તો બ્રાહ્મણ કોર્ટમાં કબુલ કરત નહીં માટે અમારી બોલી ચમત્કારીક છે.

બ્રાહ્મણ—શાબાશ છે ભાઇ હવે હું જાઉં છુ તમો આવશો કે?

સોની—તમો ચાલતા થાઓ હું ઘેર જઇ આવું છું! બ્રાહ્મણ ચાલતો થયો મહાત્માના આશ્રમે ગયો ને તે દિવસની હકીકત કહી.

મહાત્મા—હજુ તો ઘણું જોવાનું છે, એટલામાં સોની આવ્યો. મહારાજ જેશ્રીકૃષ્ણ કહી બશેર તમાકુ અને પાશેર ગાંજો મૂકયો.

મહાત્મા—જયશ્રીકૃષ્ણ ! પછી ચલમ પીને આસન જઇ બેઠા એટલે સોની ચાલતો થયો—બીજા દિવસે સવારમાં નદિએ નાહવા આવ્યે, ત્યારે સીધું લેતો આવ્યો ને કહેવા લાગ્યો કે આજે તો માલપુડા ને દૂધપાક બનાવો આજે અમાશનો અણુજો છે ભાંગની ભજીયાં પણ બનાવો. દશ જણ જમનાર છે.

ગુરૂજી—એટલી બધી મહેનત અમારાથી ન બને.

સોની—એ તો હું જાણું છું રસોઇયો બ્રાહ્મણ આવે છે. માત્ર તમારી દેખરેખ નીચે રસોઇ કરાવો.

ગુરૂજી—ઠીક છે તમામ સીધું આવ્યું બ્રાહ્મણ પણ આવ્યો સાંજનો વખત થયો ભાંગ ઘુટાઇ રહી છે એકતારા (તંબુરા) નાં ભજન ગવાય છે ને માલપુડા, દુધપાક શાક ભજીઆં, રાયતાં–ચટણીયો વીગેરે સાહિત્ય તૈયાર થયું ભાંગ પી તમામ જમવા બેઠા સોનીનો ગોર પણ જમવામાં હતા. ગોરાણી પણ હતાં–નવી અને શેઠ મંગળદાસ શેઠાણીસહ ગાડી જોડાવી આવ્યા હતા. આનંદમય દેખાવ નદીપરનો છતાં સાંજનો વખત ભાંગની તથા પવનની લહેર ને દીવાબતીઓ થઇ જમવામાં હસાહસ ચાલી રહી છે. મહાત્મા પણ છકછોળ બન્યા છે, ગોર ગોરાણી, શેઠ શેઠાણી, ભગત અને નવી ગુરૂજી તથા ચીમન જમે છે રસોઇયો ભાંગ ખુબ પીધેલી લહેરમાં છે માલપુડા માગે તેને ભાત મુકે, દુધપાક માગે તેને કઢી પીરશે. કઢી માગે તેને દુધપાક. શાક માગે તેને ભજીયાં. અને રાયતાં માગે તેને માલપુડા પીરશે. તે બનાવ તદન જોવાજોગ થયો છે. જમી રહયા ને રાતના ૬ વાગ્યા સૌ જમી પોત પોતાના ઘેર ગયા. બીજા દિવસે બપોરના સોનીની દુકાને બ્રાહ્મણ ગયો મંગળદાસ શેઠના દાગીનાનું કામ ચાલ્યું. એટલામાં એક કણબી આવ્યો.

સોની—ચીમન કોયો આવુતે છે. બેસતો મહીનો છે.

ચીમન—ઠસવા હયો કે ઘાટ કરીયે છીયે.

કણબી—ભગત સાંકળાં કરવાં છે. રૂપું લાવ્યો છું ~ ? કરો.

સોની—બાઇ તોલ તમને યાદ નહી રહે, ઘડો કરો રૂપું ઘટાલા સાથે જોખ્યું.

સોની—બેટા ! માધા પટેલ કામના છે. કામ સારૂ કરવાનું છે. ખબર કેટલા હાર પોરજે રૂપુ બગડે નહિ. સંભાળીને કામ કર ઉપાળો થાય નહીં હારમાં રાયતા પોટ ૧ણુ પાસા કરતાં ભૂલ થાય નહીં. સાવચેતીથી કાઢજે.

ચીમન—ઠીક પણ તમે વાત ભણો.

સોની—ગુરૂજી અમારી સોનીની જાત શગી બ્હેનનું હોય તેમાંથી પણ ચોરે ! બાધા પટેલ જેવા વિશ્વાસુનું ખાવું એમાં તે શી મોટી વાત છે પણ મારે એક પૈસો હરામ છે. તે ઉપર એક વાત કહું તે સાંભળો.

એક ડાહી બાઇ હમેશાં એક સોનીના ત્યાં આગળ થઇ કામ કરાવા જાય. ત્યારે સોની બીચારો કહે કે આ ડાહી બાઇ ચાલાક છે એમ જાણી હમેશાં કામ કરી આપે ને ચોખી મજુરી લે પણ કાંઇ ચોરી શકે નહીં, પણ એક દિવસે. ડાહીબાઇને પોતાનું કામ આપ્યું તે લેઇ ગયાં. સોનીએ ચોકસ તોલ કર્યું. આઠ ગદીયાણાને ૨ વાલ થયું ને ચીઠી કરી આપી ડાહીબાઇ ઘેર ગયાં. બે ત્રણ દહાડે દોરો તૈયાર થયો એટલે ડાહી બાઇ ગયાં ને તોલ કર્યું તો ૮ ગદીઆણા ને બે વાલ બરોબર થયું.

ડાહીબાઇ—કેમ મ્હારા સોની બાઇ.

સોની—શું કહો છો ડાહીબાઇ.

ડાહીબાઇ—વાલ મોટો કે ગદીઆણો.

સોની—વાલ મોટો.

પછી ડાહી બાઇ તકરાર કરવા લાગ્યાં કે મારૂં સોનું તો ૮ વાલને બે ગદીયાણા હતું. લ્યો મારા બાઇ તમે સોની લોકો જેનું તેનું આમજ ઉંધુ વાળો છો, બેઉની તકરારમાં લોકો ભેગા થયા ને લડા લડી થઇ.

સોની—બાઇ નાહકની ગમ ખાઓ લડો છો. એ ડાહી બાઇ કહે તે મારે કબુલ છે તમો હીસાબ કરો સારા માણસ વચમાં પડયા તે કહેવા લાગ્યા શું છે ડાહીબાઇ ?

કાહીબાઇ—મારૂં સોનુ બે ગદીઆણા ૮ વાલ છે પછી વાણીએ તોલ કર્યું તે ૮ ગદીઆણા ૨ વાલ થયું પછી કાહીબાઇના કહેવા પ્રમાણે હીસાબ કરતાં રૂ ૭૨ થયા તે કાહીબાઇ તમે મજરે આપો ! ઘણા માણસોમાં બોલેલી એટલે શરમાઇ ગઇને હીસાબે રૂપિઆ આપવા પડયા, આ વાતો કરતાં દરમ્યાન ઇંટનો કડકો ફેરકી લીધોને રૂપું ગાળી ઢાળ ઉપાડી તોલ કર્યું તો થોડું ઓછુ થયું.

માધા પટેલ—કેમ ભાઈ ઓછુ થયું.

સોની—તાપથી મેલ બળવાથી એટલુ ઓછું થયું હવે આ ચડો પોતાના કાટલે તોલ કરતાં રૂ ૬૦ ભાર થયું.

સોની—જાઓ ૮ દહાડે આવજો માધા પટેલ હે.કે.

સોની—ચીમન ઉપાણુ કેટ ૨૦ રેટલા બંજુ લામોને હાર પેટી પગાળાં ઠોઇ લઇ આવો ચીમને તે પ્રમાણે કર્યું ને લુહાર ને ત્યાં આપી આવ્યો મજુરીના રૂ ૪) કર્યા એમ કરતાં સાંજ પડી ને બ્રાહ્મણ મહાત્માના ત્યાં ગયો; મંગલદાસ શેઠનું કામ કરવામાંથું સંધ્યાકાળ થઈ કે ભગત મહાત્મા તરફ ગયો મહાત્માને નમન કરી ઘેર આવ્યો.

બીજે દિવસે બપોરે મહાત્માના ત્યાંથી જમી બ્રાહ્મણ સોનીની દુકાને ચાલ્યો ત્યાં ગયો ને બેઠો એટલામાં ગીરધર ગોર આવ્યા

ભગત—ગોર મહારાજ પાયે લાગું.

ગીરધર—કલ્યાણ થાઓ.

સોની—ચીમન કુંજરો નેકળો છે ખાસ તીગણાતે નથી શુંકો ચાનુ છે તેનો તમો ઘાટ ઠોઈ નાખો.

ચીમન—ઠીક બાપા.

ગીરધર—મારે એક દોરો કરવાનો છે સોનું ૧૨ ગદીઆણા છે.

સોની—ગોર બાપજી હુતો બ્રાહ્મણ સાધુનું ઘડતો નથી અમારી દાનત બગડે ને તમારી બ્રાહ્મણ બાઇની આંતરડી કકળે એ શા માટે જોઇએ.

ગીરધર—ભગત મને તમારો ભરૂસો છે. ભલે બીજા ગમે તેમ કહે બધા સરખા હોતા નથી એક ઘરતો ડાકણ પણ મૂકે છે.

સોની—ના, ના, મહારાજ હું તો તમારૂં કામ નહી કરૂ બીજા ઠેકાણે ઘડાવો. મારે તુલશીક્યારે પાણી રેડવું જોઈએ તેના બદલે પાપમાં પડવું. પેટપુર મજુરી તમારાથી અપાય નહી કારણ કે બીજા લોકોના તોલા ૧ રૂ. ૦—૮—૦ મજુરી લેઈએ છીએ અને તમારે રૂ. ૧) આપવો પડશે કારણ કે તમારામાં મારાથી ગડબડ નહિ થાય.

ગીરધર—એમાં શું તમારા. બોલ્યા પ્રમાણે મજુરી આપીશું પછી તો કાંઈ નહી ને

ભગત—બસ બાઈ હવે કરીશ લ્યો બેટા ચીમન ગોરનું કામ કરી નાખો.

ગીરધર—લ્યો સોનું ! ઘાટ આપ્યો તોલ ૧૨ ગદીઆણા થયું ગાળવા મુક્યું. બાઈ સાચવીને ગાળજે છોકરમત કરીશ નહિ ગોરનુ કામ છે કણી રેટલો હાર પોટ નાખી લેજે ઉપાળો થાય નહિ.

ચીમન—ઠીક હુ સમજુ છુ સોનુ ગાળી લગડી ઉપાડી તોલ કરયું તો ૧ વાલ સોનું કમી થયું.

ગીરધર—કેમ ઓછું થયું.

ભગત—મેલ બળ્યો હશે અમારે તો તમારામાંથી હરામછે આટલા માટે મહારાજ તમને પહેલાથી ના કહેતો હતો તમારો બ્રાહ્મણ બાઇનો જીવ અધુરીઓ સમજ પડે નહિને બોલ્યાં કરો એમ કહી પછી બ્રાહ્મણને ઓશીયાળો કર્યો લ્યો મહારાજ તમારૂં સોનું

હજી સપરમો દહાડો સવારથી છે વડીપાપડ વંઠયા નથી પાછળથી પુછો તે ઠીક નહી.

ગીરધર—નાના ભગત મેં તમને સહેજ પુછ્યું તેમાં ગુસ્સે થાઓ છો ?

ભગત—ત્યારે શું કરૂં ? માહારાજના સોનાના વાળા ખેંચ્યાને નવીને ગુંથવા આપ્યા પરમ દિવસે આવજો.

ગીરધર—ઠીક જાઉ છું.

ભગત—ગુરૂજી સતરવાલ સોનું લીધું.

બ્રાહ્મણ—તમારી અક્કલ તો કોઈ જુદા પ્રકારનીજ છે. એટલામાં મંગલદાસ આવ્યા તેમનો ઘાટ બંગડીઓ ઘાણા ભાતની કંઠી અને વીંટી તથા બટનોનો તોલ કરી આપ્યો મજુરીના રૂ. ૩૫) થાય! શેઠ સાહેબ ઇનામ જુદુ.

મંગલદાસ—ઠીક કાલ મોકલાવીશ કહી દાગીના લેઈ ઘેરગયા સાંજપડીને દુકાન બંધ કરી ઘેર જવા નીકળ્યા.

સોની—ગુરુજી પધારો આજે મારી તબીયત જરા નરમ છે માટે નહી આવુ ચીમન બેટા કીરો લેતો આવજો રાત્રે ચસવોપડશે.

ચમન—ઠીક ઉબણુકા ક્યાં છે ઉચવો એકલવાઇ ઉમણુકા ઊચવ્યા શ્રીકારને નેકલો લાવી આવ્ય ચમન લેવા માટે ગયો લાવ્યો ને રાત્રે ખાઇ પી સુઇ ગયા. બીજા દિવસે દુકાને જઈ કામ કાઢયું ને બ્રાહ્મણ આવી બેઠો. દુકાનમાં પરચુરણ કામ ચાલ્યુ છે એટલામાં એક રબારી આવ્યો ભગત રામ રામ.

સોની—રામ રામ ! આવો દેશાઇ બેસો ચીમન કંણોયો આ હુતેછે દસાડી ઘાટ કરો.

સોની—અજુ દેસાઈ કેમ કાંઇ કામ કાજ.

અજુ એક હાંસડી મઢવાની છે ને એક વેઢ કરવાનો છે શાનુ રૂ. ૮૦ નું લેવું છે.

સોની—જાઓ બજારમાં ભાવ પુછી આવો ને લઇ આવો.

અજુ—ઠીક બજારમાંથી તોલા ૩॥ સોનું પાટનું લેઇ આવ્યો લ્યો ભગ ૧ હાંસડી સારી મઢી આપો.

સોની—ભાઈ એમાં કહેવુ ન પડે તમારૂં કામ ચોખુ કરી આપુ પેઢીઓને સંભારશો.

અજુ—ઠીક મજુરી શું લેશો.

સોની—તમારી પાસે કાંઈ વધુ નહી લેઈએ રૂ ૧) લેઈશું. બેટા ચીમન નીયળ ટાંકણુ એગુ રોયા ઓખા શીયાનુ પતરૂં ઠોઇલામ શીયુ સમાણુ ઊમળુકા ફેર લામજે ઝટ આહુત કંઓયાનુ સીયુંદ્દર ફરકનેટ કરવું છે; તેમ એગુ રૈટલા શીવાનો વેઢ ડોઇલામ ફરકીનેટ કરવો છે,

ચીમન—બાપા મને ઠીક પડતું નથી. ઘેર જાઉ છું. માથામાં ટકર ચઢી છે દવા કરી આવું.

સોની—હવે મારે ઘડપણમાં બધી પંચાત. બાયડી નવી છોકરો એક ને મારે તે કેટલી કાળજી ભાઈ.

ચીમન—ઘેર ગયોને ઝપાટાબંધ પતરૂં તથા વેઢ કરી લાવ્યો સોનીએ આ વઢ તૈયાર કર્યુંને ચીમન આવ્યો.

ચીમન—બાપા દવા પીધીને ચ્હા પીધી એટલે સારૂ થયું.

સોની—ઠીક આ હાંસડી મઢો પતરૂ આપ્યુ તે તાવ્યુને તોલ કરી બતાવ્ય જુવો દેશાઈ.

અજુ—ઠીક.

પછી પેલું ઘેરથી લાવેલ પતરું ગોઠવી વાંધુંને ત્રાંબાના સાંકળા ઉપર ચઢાવ્યું ને સ.૮ કરી આપી ગેરૂ કરી દાધો મોઢીયાં બેસાડયાં ચેક પણ બદલી લીધો ને દેસાઈને આપ્યા. મજુરી રૂ ૧) લીધો એટલામાં એક વાણીઓ મોતીના ૮ દાણા ધોવા લાગ્યો ભગત આટલા દાણા ધોઈ આપો.

સોની-ચીમન ઘેર જાને ચોખા લેતો આવ્ય નાખ્કા એક લવાઈ નીચગ્રથી લાભીઆ આહુંત. ચીમન ઘેર ગયો ને ચોખા તથા બાજરાં રાશી મોતીના ત્રણ દાણા લાવ્યો મોતી ધોતાં બદલી લીધાં શેઠ દાણા સાફ કરાવી લેઈ ઘેર ગયા સાયંકાળ થયો દુકાન બંધ કરી સોની તથા બ્રાહ્મણ મહાત્માના ત્યાં ગયા વાતચીત થઈને બેઠા આનંદ કર્યો. સોનીએ કહ્યું લેશો ચસસો ? ગુરૂજી ના ભાઈ. પછી સોની ઘેર ગયો બીજી દીવસે સોની દુકાને ગયો લુહારના ત્યાંના સાંકળાં લેઈ આવ્યો સાંકળાં ધોઈને સાફ કર્યો એટલે માધા પટેલ આવ્યા તેમને કડા સાથે તોલ મેળવી આપ્યું એટલામાં બ્રાહ્મણ આવીને બેઠો. માધા પટેલ પાસેથી સોનીએ મજુરીના રૂ ૪-૮ લીધા ભાઈ તમારામાં પૈસો પણ લીધો નથી માટે ચોખી મજુરી લીધી છે. હું પણ પહેલાં રૂ ૩) માં સાંકળાં ઘડતો હતો હવે બધો ધંધો મેં મુકી દીધો છે એટલે ઘરનો નભાવ થવો જોઈએ તેથી મજુરી વધારી.

માધા પટેલ—ઠીક ભાઈ જાઉં છું તે ગયા પછી ગીરધર ગોર આવ્યા તેમનો દોરો ગુંથાઈ તૈયાર થયો ને મોઢીયાં પણ થયાં. સોની શેરો તાણતાં એણુ રોયા આક મરજીને તાણે ચીમને તે પ્રમાણે કરી શેરો તૈયાર કરીને મોઢીયાં સાથે તોલા કરી લાખથી બેસાડી આપ્યાં ગોરને હુક કરી ધોઈ સાફ કરી આપ્યો.

સોની-ચીમન હાથા પાડયા કે ભુલ્યો તોલ બરાબર કરી આપ્યું છે.

સોની--ગોરમહારાજ ઘડામણ રૂ ૧) આપો. ગોરે ખુશી થઇને મજુરીના પૈસા સોનીને ચુકવી આપ્યા અને દોરો લઈ ઘેર ગયો.

સોની-ભાઈ સંજોગ સરતલ થઇ રહી છે બનાવો.

ચીમન-બનાવું છું કહી ચાંદી કાઢી અને તેમાં જસત તથા પીતળ મેળવી સરતલ તૈયાર કરી.

સોની—અડધી સવાઇ ને અડધી દોઢી કર.

બ્રાહ્મણ-એમાં શું હશે.

સોની--ગુરૂજી ત્રાંબારાયમાં ત્રાંબુ વધારે મેળવી સોનાથી સવાઇ મેળવાય તે સવાઇ અને દોઢુ મેળવાય તે દોઢી એ પ્રમાણે રૂપારાય પણ થાય છે; સોનુ ઝાળવામાં મેથીના પાણીનો ઉપયોગ થાય ત્રાંબારાયથી લાલ ઉઘડે ને રૂપારાયથી લીલું પડે એટલો ફરક છે. રૂપું ઝાળવામાં સરતળ અને ખડીઆખારનો ઉપયોગ કરવો પડે છે.

બ્રાહ્મણ-ત્યારે સોનાનું કામ ઝાળી અને એના ઉપર શાનો ભુકો નાંખો છો.

સોની-અડાયા છાણાનો ભૂકો બીનો કરી નાખીએ છીએ એથી ઝાલણનુ કામ બરાબર ઝળાય બ્રાહ્મણ ત્યારે આ ઝાળણમાં જે રાય આવે તેનો તમને નફો પડે કે નહિ સોની ઘરાક સાદો હોયતો નફો પડે નહી તો સવાઇ રાય કહી દોઢી રાયથી ઝાળીએ એટલોજ નફો મળે બાકી તોલ મેજરે આપવું પડે છે.

બ્રાહ્મણ-રાય શીવાય ન ઝળાય.

સોની-ચોખ્ખું સોનું હોયને આંકડાં કે ગાંડણુ જાળવુ હોયતો મોરથુથાથી ઝાળી શકાય છે.

બ્રાહ્મણ—તે સિવાય બીજુ તમે સોનુ ઉજળું કરવા માટી ચોપરો છો એ શું,

સોની—માટીમાં મીઠું નાંખી પલાળીએ તે હુંડ કહેવાય છે. બીજુ ગેરૂ ફટકડી નાખીને થાય છે બીજો ગેરૂ વનસાર નાંખીને થાય છે. અને ચોથો મોળો ગેરૂ થાય છે પણ હાલમાં તો તેજાબથી ધોવાય છે.

બ્રાહ્મણ આ લોકો કહે છે કે સોના લોકો તેજાબમાં સોનું ઉતારી લે છે.

સોની—એતો તેજાબ જુદો હોય છે નવસારના તેજાબમાં ધોવા પડે. ગંધકના તેજાબમાં મેળવણીથી સોનું ઉતરે છે.

બ્રાહ્મણ—બાઈ તમારી તો બલીહારી છે.

એવી વાત ચીત કરે છે એટલામાં એક વાણીઓ આવ્યો.

સોની—આવો વીઠલ શેઠ.

વીઠલદાસ—હા ભગત થોડું કામ છે જરા કાંટો લાવોને સોની એ કાંટો આપ્યો પછી તે સોનું કાઢી તમામ કચુરો કાઢોને કડાં ફાલી પતરાં ઘુઘરીઓ વીગેરે ઘાટ રૂપીઆના તોલથી તોલી નક્કી કર્યું ત્યારે.

સોની—આ સોનું તો સારૂં નથી.

વીઠલદાસ—ઠીક છે વીસ ગદીઆણા છે તેની ફક્ત ચાર બીસોરી ઘાટની બંગડીઓ કરવી છે તે ઘસાવા ચાલશે.

સોની—એલા ચીમન વીઠલકાકાની બંગડીઓ કરી આપ. સેરવો તીગણો છે હાર પોટીસ નહી કે કોદીસ નહિ કેવળો કરશે.

ચીમન—આપો મજુરી તો નક્કી કરો.

વીઠલદાસ—એક રૂપીઓ આપીશું.

સોની–ભાઇ ચીમન કરી આપ. આપણે ગમે એટલું કામ છે પણ એમનેતો ના કહેવાય નહિ; પછી ચીમને સોનું ગાળવા મૂક્યું ને ફૂંક શરૂ કરી.

સોની–ખાર મૂકય કણીકથી હાલુ પોટજે.

ચીમન-ઠીક પછી સોનું ગાળીને ઢાલકી પાડી ઘા મારયો કે સોનુ ધાણીની માફક ફાટી ગયું.

વીઠલદાસ–કેમ ભગત આશું થયું સોની કહે ભાઇ તમે હાથે ફોલીને લાવ્યા હતા વખતે પીતળની કરચ આવી હશે તે વિના આમ થાય નહિ માટે હવે આતો ન સુધરે તેબબ કઢાવો.

વીઠલદાસ—કેટલું બંધ બેસશે.

સોની—આસરે ૧૩ ૧૪, ગદીઆણા બંધ બેસશે.

વીઠલદાસ—એ સિવાય બીજો કાઇ રસ્તો છે.

સોની—રસ્તો છે પણ હવે મે મૂકી દીધો છે સોનુ પવિત્ર છે તેને કોણ અભડાવે.

વીઠલદાસ–હું મજુરી આપીશ.

સોની—પાંચ રૂપીઆ મેહેનતના પડશે ને સોનું બળવાથી બે ગદીઆણા ઓછું થશે.

વીઠલદાસ—ભાઇ જેમ ઓછું બળે તેમ કરજો, મજુરીના બધા ત્રણ રૂપીઆ આપીશ.

સોની—તમો બેસો પછી સાજીખાર ટંકણ નવસાર મોરથુથુ ને ખડીઓખાર મૂકી ગાળવા મૂકયું. ને ચીમનને કહ્યું, કણી રેટસોહાર બબણુ પોટજે ને સભાળી રેટલા; શીઘુ પારા કરજે.

ચીમન—ઠીક બાપા; પછી સોનું ગાળી ઢાલ ઉપાડી તોલ કર્યું તો લીલુછમ જણાયું ને તોલમાં એક બદીઆણો કમી થયું અને ઘડવા માંડયું તો થોડી કસર રહી ને ફાટવા માંડયું.

વીઠલદાસ—હજુ કસર રહી.

સોની—ફરી ગાળવું પડશે ને ફરી ઘટશે.

વીઠલદાસ—શું ભગત તમારા વિશ્વાસે સોપ્યું તેનું આ પરીણામ.

સોની—શેઠ તમો તો વાણીયા છો કાંઇ અમારા ધંધામાં અજાણ્યા નથી એમાં અમો શું કરીએ, તમારા હાથે તોલ કર્યું ને અમારો વિશ્વાસ ન હોવાથી ભાગતોડ પણ હાથે કરી તેમાં એક ક્ષુધરી અથવા તો લોળાયું પીતળનું હશે ને તે અંદર આવી જવાથી ઘટી ગયુ તેમાં મારો શો દોષ.

વીઠલદાસ—ભાઈ ફરી ગાળો.

સોની—ચીમન ફરી ગાળ અને સાજીખાર ટંકડી નવસાર ખડીઓખાર હાથાળા અને પેલુ મૂક એટલે ઠેકાણે આવશે સેરવો તીગણો છે માટે હાથાળા મળ ટાંકણી લામી આવ્ય ને પેલું પણ કાગળમાં લાવજે એણુરોયા રાય પોટલા હાર લામી આહુત.

ચીમન—હું ઘેર જેઇ બીજી મેળવણી લાવું: કહી ઘેર જઇ તમામ લાવ્યો અને ગાળવા બેઠો સોનુ ગાળી તેમાં તમામ જણસો મૂકી.

ચીમન—કણી રેટબોસીયુ લામ્યુ અને એણુ રોયા રાયરોટી.

સોની—ઠીક સંભાળીને ઢાળ ઉપાડ.

ચીમન—ઠીક કહી ઢાળ ઉપાડી તે વીઠલદાસને આપી તોલ કરતાં બાર વાલ ઓછું થયું.

સોની—વીઠલદાસ આ વખતે ઓછુ બળ્યુ ચીમન એને કસર તો નથી ને.

ચીમન—લાવો ઘડી જોઉ પછી ટીપતાં બરોબર ઉતર્યું ને ફાટ્યું નહી પછી ચાર બંગડીઓ ઘડી કુંડ કરી ખારો મોલો ગેરુ કરી ઓપીને બંગડીઓ આપી વીઠલદાસે ફરી તોલ કર્યું તો સવા અઢાર ગદીઆણા થઈ રૂ. ૩] મજુરીના આપી ચાલતો થયો.

બ્રાહ્મણ—વાણીઓ ઘણોજ પાકો હતો.

સોની—પણ અમે પાંસરો કર્યો ને.

બ્રાહ્મણ—હા બાઇ હવે તો હું જાઉછુ સાંજ પડી.

સોની—હું આવુંછું ચીમન દુકાન વધાવી ઘેર જા હું માહાત્મા પાસે જઈ આવુંછું કાલે બ્રાહ્મણ જમાડવા છે. ગોરને જમવાનું તથ ગોરાણીને રાંધવાનું કહી આવ્ય રસપુરી કરવાની છે.

ચીમન—ઠીક જાઓ; પછી બે જણ વાતો કરતા માહાત્માના ત્યાં આવ્યા ને બેઠા, ભગત નદીમાં નાહી ચલમ પીને ઘેર ગયો, રાત્રે બ્રાહ્મણે માહાત્મા આગળ દીવસની વાત કરી.

માહાત્મા—એમાં શુ વધારે કર્યું ત્રણ ઘણી માથાફોડ કરી ત્યારે એટલું મળ્યુ.

બ્રાહ્મણ—પણ સોનું શાથી બગડયું ને પાછું સુધર્યું હશે એ તો હું ભગતને પુછવું ભુલી ગયો.

માહત્મા—પીતળ અથવા કલઇની કીરચ મૂકે તો રેતીની માફક વેરાઇ જાય ને સાજી ફટકડી નવસાર મોરથુથુ ખડીઓખાર સુધી ખુબ ધમે ને માણસના હાથ પગના નખ નાંખે કે તુરત સારૂ થાય તેનાથી ન થાય તો કૂતરાની વીષ્ટા નાંખે.

બ્રાહ્મણ—અરે આ તો ઘણો અધર્મ કહેવાય શીવ શીવ.

માહાત્મા—ધર્મ રહે નહિ મર્મ રહે, જરદાર અને નહી એ જગ માંહી;
ભર્મ રહે વળી કર્મ રહે જગ સુખ અધીક મળે મન તાંહી.
કપટ ઝપટ કે તાલ લપટ કર દ્રવ્ય લહે જગ સુઘડ વાહી;
ગોવિંદરામ સ્વારથ સબ જગમે ચુક ગયે દુખ પાવત તાંહી.

બ્રાહ્મણ—મહાત્મા અધર્મથીજ સુખ હોય તો પછી ધર્મને કોણ ચાલ.

માહાત્મા—ધર્મ એટલે મને જે માન્યું તે ધર્મ નહિ તો બાકી બધી પ્રપંચની દુકાનો છે; અખાએ કહ્યું છે કે; અખા ધર્મનો મોહોટો કુવા ને ઝઘડો ચુકવી કોઈ નહી સુવો. બધું ખોટું છે ગમે તેમ કરીને પણ દ્રવ્ય સંપાદન કરવું એટલોજ મુખ્ય ધર્મ છે. તમામ દ્રવ્યથી મળે છે. વશુ વિના નર પશુ,

દોહરો

સુકા વૃક્ષ જેમ ફળ વિના, શ્રદ્ધ ગુણીકા દેહ,
દ્રવ્ય વિના નર દુખીઓ, વાંઝ નાર પતિ નેહ; ૧

માટે ગમે તે રસ્તે દ્રવ્ય સંપાદન કરવું કે તમામ વળગતાં આવે.

બ્રાહ્મણ—ઠીક માહાત્મા પછી સૂઈ ગયા સવાર થયું બીજે દીવસે સોનીની દુકાને જઈને બ્રાહ્મણ બેઠો; એટલામાં એક ખંભાર આવ્યો.

સોની—પીતાંબરભાઈ આવો કેમ આવવું થયું.

પીતાંબર—નવીના માટે કલ્લાં કરવાનાં છે ચાંદી રૂ. ૪૦] ભાર છે પોલાં બાજરી ભાતનાં કલ્લાં કરો.

સોની—ઠીક ચીમન તોલ કરી લે.

પીતાંબર—ભગત કામ સારૂં થવું જોઇએ.

સોની—જરા પણ કસર નહી રાખું કારણ કે ચોખી ચાંદી છે એમાં શું સુખેથી જાઓ કાલે લેઇ જજો.

પીતાંબર—ઠીક જાઉછું; કહી ગયો, એટલે ચીમને રૂ. ૪] ભાર ચાંદી કાપી લીધી ને ઘડવા માંડયું. બે પતરાં કર્યાં ને રૂ. ૪] ભાર ત્રાંબાનાં બે પતરાં પાતળાં પાતળાં કર્યાં ને બે રૂપાના પતરા સાથે ઝાળી દીધાં ને કલ્લાં વાળી સાંધા ઝાલી લીધા તે ચીતરવા માંડયા ખીલી પખીયારાં ભગતે તૈયાર કર્યાં ને સાંજે કલ્લાં જોડ તૈયાર કરી સાંજ પડી ને દુકાન બંધ કરી ઘેર ગયા. બ્રાહ્મણ વિસ્મય પામતો માહાત્મા તરફ ગયો ને સાંજે વાત કરી રાત્રે સુઇ રહ્યા ફરી બીજા દીવસે સોનીની દુકાને જઇને બેઠો પીતાંબર આવ્યો.

સોની—ચીમન તોલ કર ને પછી લાખ ભરી આપ્ય ચીમને રૂ. ૪૦] તોલ કરી આપ્યું કલ્લાં ધોઇ લાખ ભરી ઓપીને આપ્યાં પીતાંબરે રૂ. ૩] મજુરીના આપ્યા ને ઘેર ગયો.

બ્રાહ્મણ—આમાં શું મળ્યું.

સોની—રૂ. ૫) ભાર ચાંદી મજુરી સિવાય વધુ મળ્યા એક એક તોલો સરતલ તથા કાહું રૂપું ખીલી પખીઆરામાં ઘાલવાથી મળ્યાં.

ચીમન—બાપા એક કડું મઢુ ને આખું વેચવું છે. પછી ૮ વાલ સોનાનું પતરૂ કરી ચાર વાલની ભુગળીઓ કરી પતરૂં સાદા ગાભા ઉપર ચઢાવતાં ચાર વાલની રૂપાની ઝીણી ચીપ કરી પતરાના સાંધામાં મુકી સાંધો બાડી વાળ્યો ને મઢી ભુગળીઓ ઘાલી તૈયાર કર્યું ને એક પોતાનો ભાઇબંધ હતો તેને કહે કે આ કડું બજારમાં વેચી આવ્ય તને આઠ આના આપીશ.

જટાશંકર—ક્યાં સુધી વેચવું.

ચીમન—પેહેલાં રૂ. ૨૫) કહેજે પછી જે ઉપજે તે ખરૂં.

જટાશંકર—ઠીક લાવો કહી બજારમાં ગયો સરાફોને બતાવ્યું તો બ્યાસીને રૂ. ૧૮) માં માગ્યું જટાશંકરે રૂ. ૨૨) બુલાબ્યા છેવટે

રૂ. ૧૮-૮-૦ નકી થયા તે લેઇ કડુ આપી જટાશંકરે રૂ. ૧૮॥ ગણી આપ્યા બ્રાહ્મણ જોઇને વિસ્મય થયો કે રૂપાના માલના દુપટ દામ પેદા થયા.

ચીમન—લે આઠ આના ઉડાવજે. કહી વિદાય કર્યો ને જંગડી ઘાટની બે વીંટીઓ રૂપાની તૈયાર કરી બેરતી સોનું પતરૂ ચઢાવ્યું તેજ દીવસે ભગવાનજીને બોલાવ્યો. ભાઇ આ વીંટીઓ બજારમાં વેચી આવ્ય કીંમત રૂ. ૬ કહેજે પછી ઉપજે તે ખરૂં.

ભગવાનજી—ઠીક કહી બજારમાં ગયો તો કીંમત રૂ. ૪] થઇ તે લઇ વેચી પૈસા દુકાને આપ્યા તેમાંથી ચાર આના ભગવાનજીને આપ્યા.

બ્રાહ્મણ—ભાઇ હવે જાઉં છું તમારે તો બારે કમાણી છે એમ કહી રવાને થયો ને સોની દુકાન બંધ કરી ઘેર ગયો બીજા દીવસે બપોરે બ્રાહ્મણ સોનીની દુકાને ગયો ને બેઠો એટલામાં એક કેશવજી કંદોઇ આવ્યા.

કેસવજી—મારે થોડું કામ છે એક બેરખી અને એક સીંહ મોઢીયાનું કડું કરવાનું છે સોનું ૧૪ ગદીઆણા છે.

સોની—થઇ રહેશે ૪ ગદીઆણાનું કડું ને ૧૦ ગદીઆણાની બેરખી.

કેસવજી—૩ ગદીઆણાનું કડું, ૯ ગદીઆણાની બેરખી, ૨ ગદીઆણાનું કેટનું તાવીત નવી ભાટે કરો.

સોની—લાવો સોનું કેશવજીએ સોનું આપ્યુ તે લેઇ તોલ કરી બે વાલ ચાસણી કાપી આપી કેશવજી લેઇ ઘેર ગયા પછી ૪ ગદીઆણા સોનું ચીમને કાપી લીધું દોઢ ગદીઆણાનું તાવીત અઢી ગદીઆણાની બેરખી વેતરી ઘાટ કરવા માંડયો. તાવીત તૈયાર કરતાં તેનાં ઢાંકણાની મોરમાં અંદર ૮ વાલની રૂપાની ચીપ ઝાળી લીધી; કડુ

તૈયાર કરતાં; મોઢીયામાં ચાર ચાર વાલ રૂપાના કકડા અંદર ઝાળી લીધા; એરખીના મણુકા તૈયાર થયા તેમાં લાખમાં ૨ ગદીઆણુ હીંગળોક મેળવી મણુકા ભરી તૈયાર કર્યા અને સાંજરે દુકાન બંધકરી ઘેર ગયા. બીજે દીવસે આવી દુકાન ઉઘાડી કેશવજી કંદોઇ આવ્યા ને તોલ કરી કડું મઢી આપ્યું તથા એરખીના મણુકા પાણીમાં તોલ કરી આપ્યા તે લેઇ ગયા બ્રાહ્મણ આવીને દુકાને બેઠો છે.

બ્રાહ્મણ—ભગત તમારી તો બલીહારી છે તમો તો મોટા બ્રહ્મદેવને પણ થાપ ખવડાવો.

સોની-ગુરૂજી અમે જેવો વખત તેવો પ્રપંચ કરીએ પણ અમારો દાવ સાધ્યાવના કદી પણ રહીએ નહિ.

બ્રાહ્મણ—ભાઇ હવે કાલે તો હુ મારા દેશમાં જઇશ ત્યારે અનુભવ લેવા આવીશ.

સોની—ભલે મહારાજ પધારજો પણ કાંઇ યંત્ર કરી આપો. બ્રાહ્મણે વીસોયંત્ર કરી આપ્યો. સોનીએ રૂ. ૨૫) રોકડા વીલાણ ગીરીના આપ્યા બ્રાહ્મણ તે લેઇ માહાત્મા પાસે આવી ઉભો અને કહે કે હું કાલે સવારે જઇશ વળી કોઇ વખતે આવીશ પણ માહાત્મા તમારી કળા તો બીલકુલ જોઇ તેમ સાંભળી સુદ્ધાં નથી.

માહાત્મા—હુ હવેજ આ રૂપમાં મળવાનો! ફુરસદ મળે ત્યારે આવજો. એમ કહી ગયા ગયા બીજા દીવસે સવારે બ્રાહ્મણ વિદાય થયો પોતાના દેશ ગયો.

પ્રથમ ભાગ સમાપ્ત

મફત મફત મફત

વિષયાદેવી

ઉત્તમ પુસ્તક, નીચેનાં પુસ્તકો મંગાવનારને મફત મળશે.

મગળગઢની મોહની—ખુની અલાઉદ્દીનનો રાજરંગ, પવિત્ર પ્યારનું આદર્શ. કિંમત માત્ર ૦–૮–૦.

તારંગાનો ભોમીયો—ઘેર બેઠાં તારંગાજીની યાત્રા કરવી હોય તો માત્ર ત્રણ પૈસાની ટીકીટો મોકલી મંગાવો.

ગરીબોની શાદી અને વગર વ્યાજે નાણું—અરસપરસ વગર વ્યાજે ગરીબો કેવી રીતે પૈસા મેળવી શકે તે આબેહુબ રીતે બતાવ્યું છે. કિ. માત્ર ૦–૨–૦.

પૈસા કમાવાનાં સાધન—નિરઘામી અને ઉદ્યમી લોકોને માટે ઉત્તમ બુક છે. વાંચતા ભલામણ છે. કી. માત્ર ૦–૧–૦.

નમુને અંકનો ખરચો—પોસ્ટના અર્ધા આનાની ટીકીટો મોકલી મંગાવો.

ચોધરી બ્રધર્સ—અમદાવાદ.

છપાય છે! વાંચવા લાયક પુસ્તક છપાય છે!!

વૃદ્ધનગરની જાહોજલાલી.

જેમાં નાગરોના અપૂર્વ વૈભવ, બુદ્ધિ અને એમનાં ઉપજાવેલાં સ્મારકોનો ઇતિહાસ આલેખવામાં આવ્યો છે. તેમજ બૌદ્ધ અને જૈન તેમજ બાદશાહી વખતના ઇતિહાસોનું મુદ્દાસર વર્ણન કરવામાં આવ્યું છે જેની અંદર કેટલીક જુની કારીગરીઓના ફોટા પણ આપવામાં આવ્યા છે. માટે તાકીદે નામ નોંધાવો. કિંમત ૦–૪–૦.

ચોધરી બ્રધર્સ—અમદાવાદ.